**<u>વડોદરાના મહેરબાન ચીફ જ્યુડીસીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ, મુકામ – વડોદરા</u>**

**GJVD020035892026**

**ફોજદારી કેસ નં. ૨૯૫૫/૨૦૨૬**
**આંક–**

**ફરીયાદીઃ** **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી :** **રજબશા અહેમદશા દિવાન, ઉ.વ.૩૫,**
રહે. નવુ ફળીયુ કપુરાઈ ગામ, વડોદરા શહેર.

**<u>ગુનો : બી.એન.એસ. કલમ–૨૮૫ મુજબ.</u>**

**<u>:: ચુકાદો ::</u>**

(૧) ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ **બી.એન.એસ. કલમ–૨૮૫** મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓએ કોર્ટ રૂબરૂ હાજર થતા, તેઓને ફરીયાદ અને દસ્તાવેજની નકલ આપી, આ ગુનો સ્વૈચ્છાએ કબુલાત કરવા માંગે છે, તેમ જણાવી તે અંગે કબુલાત પુરસીસ રજુ કરતાં, આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુનાની કબુલાત કરી, કેસનો નિકાલ કરવા માંગતા હોય, તેમજ ભવિષ્યમાં આવો ગુનો ન થાય, તેની કાળજી રાખવાનું જણાવે છે, ફરીયાદપક્ષે રજુ ફરીયાદ, આરોપીની કબુલાત, આરોપીની આર્થિક–સામાજીક સ્થિતિ તેમજ કેસના વિશિષ્ટ સંજોગો વિગેરે હકીકતો ધ્યાને લેતાં, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

આ કામના આરોપીને **બી.એન.એસ.એસ. કલમ–૩૪૧** અન્વયે **બી.એન.એસ. કલમ–૨૮૫** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી **<u>રૂા. ૨૦૦/–(અંકે રૂપિયા બસો પુરા)</u>** ના દંડની સજા ફરમાવવામાં આવે છે, અને જો આરોપી દંડની રકમ ના ભરે તો આરોપીને દિન– ૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ યોજાયેલ નેશનલ લોક અદાલતમાં વાંચી જાહેર કર્યો.

**તા. ૧૪/૦૩/૨૦૨૬**
**મુ.વડોદરા.**

**(પી.બી.નાયક)**
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
વડોદરા.
**(કોડ નં. જીજે ૦૦૮૭૪)**